Case No.2994/23

**આંક –૧ તળે હુકમ**

(૧) ફરીયાદપક્ષ દવારા આરોપી સામે હાલનુ આ ચાર્જશીટ **એમવીએકટ કલમ ૩,૧૮૫,૧૮૧ પ્રોહી કલમ ૬૬(૧)(બી)** હેઠળના ગુન્હાના સબંધમાં કરવામાં આવેલ છે પરંતુ કેસનુ રેકર્ડ અને રોજકામ ધ્યાને લેતા, એવુ ફલીત થાય છે કે, અનેક વખત સમન્સ/વોરંટ કાઢવામાં આવેલ છે. જે બજવણી અધિકારીનાં ''આરોપી મળી આવતા નથી'' તેવા શેરા સાથે વગર બજે પરત આવેલ છે.

આમ ફરીયાદપક્ષને પુરતી તક આપવા છતાં ફરીયાદપક્ષ અને પોલીસ આરોપીને હાજર રખાવવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે. તથા પોલીસે પ્રોસેસની બજવણી માટે કોઈ અસરકારક પગલા લીધેલ નથી. આમ આરોપી નજીકના ભવિષ્યમાં મળી આવે તેવુ જણાતું નથી. તેમજ હાલના તબકકે નામદાર સુપ્રીમ કોર્ટના પી.આર.રાજ વિરૂધ્ધ સ્ટેટ ઓફ કર્ણાટક જી.એલ.આર. ૨૦૧૪ પેજ નં. ૧૫૪૯માં ઠરાવેલ માર્ગદર્શક સિધ્ધાંતો ધ્યાને લેતા હાલનો કેસ ચાલુ રાખવાથી કોર્ટનો કિંમતી સમય તેમજ સરકારના નાણાનો વ્યય થાય તેમ છે. આરોપી સામેના ગુનાનો પ્રકાર, પ્રમાણ તેમજ થનાર સંભવીત સજાની જોગવાઈ ધ્યાને લેતા, હાલનો કેસ ઘણો જૂનો છે અને આરોપીની હાજરી વગર કેસ આગળ ચલાવી શકાય તેમ જણાતું ન હોય જેથી આ કેસની આગળની કાર્યવાહી સી.આર.પી.સી. ની કલમ–૨૫૮ નો ઉપયોગ કરવો યોગ્ય અને ન્યાયોચીત જણાતુ હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**–: હ ક મ :–**

આ કેસની કાર્યવાહી ફોજદારી કાર્યસંહિતાની કલમ–૨૫૮ અન્વયે આરોપી વિરુધ્ધની હાલની કાર્યવાહી સ્થગીત કરવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ કેસમાંથી આરોપીને **એમવીએકટ કલમ ૩,૧૮૫,૧૮૧ પ્રોહી કલમ ૬૬(૧)(બી)** ના ગુન્હાના તહોમતમાંથી બીનતહોમત છોડી મુકવામાં આવે છે. જો આરોપી ભવિષ્યમાં મળી આવે કે નીકળે તો તેની સામેની કાર્યવાહી કિ .પ્ર ો.કોડની કલમ–૩૦૦(૫) મુજબની આ કોર્ટ દવારા પરવાનગી અપાયેલ છે તેમ જાણી જે–તે તબકકેથી કેસ આગળ ચલાવવો.

હુકમ આજરોજ તા. **૦૯/૦૩/૨૦૨૪** નારોજ ખુલ્લી નેશનલ અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : **૦૯/૦૩/૨૦૨૪**
સ્થળ : પાટણ.

( ઉતમકુમાર એસ.કાલાણી)
બીજા અધિક ચીફ જયુડી. મેજિસ્ટ્રેટ .,
પાટણ.
કોડ નં. જી.જે. ૦૧૧૨૫